# મારું હૃદય

વર્ષ-૩, અંક-૩૬, ૧૫ ડિસેમ્બર, ૨૦૧૨

CIMS®
Care Institute of Medical Sciences



Price ₹ 5/-

**કાર્ડિયોલોજીસ્ટ**

ડૉ. અનિશ ચંદ્રારાણા +૯૧-૯૮૨૫૦ ૯૬૯૨૨
ડૉ. અજય નાઇક +૯૧-૯૮૨૫૦ ૮૨૬૬૬
ડૉ. સત્ય ગુપ્તા +૯૧-૯૯૨૫૦ ૪૫૭૮૦
ડૉ. ગુણવંત પટેલ +૯૧-૯૮૨૪૦ ૬૧૨૬૬
ડૉ. કેયૂર પરીખ +૯૧-૯૮૨૫૦ ૬૬૬૬૪
ડૉ. મિલન ચગ +૯૧-૯૮૨૪૦ ૨૨૧૦૭
ડૉ. ઉર્મિલ શાહ +૯૧-૯૮૨૫૦ ૬૬૯૩૯
ડૉ. હેમાંગ બક્ષી +૯૧-૯૮૨૫૦ ૩૦૧૧૧

**કાર્ડિયાક સર્જન**

ડૉ. ધીરેન શાહ +૯૧-૯૮૨૫૫ ૭૫૯૩૩
ડૉ. ધવલ નાયક +૯૧-૯૦૯૯૧ ૧૧૧૩૩
ડૉ. દીપેશ શાહ +૯૧-૯૦૯૯૦ ૨૭૯૪૫

**પીડિયાટ્રીક અને સ્ટ્રક્ચરલ હાર્ટ સર્જન**

ડૉ. શૌનક શાહ +૯૧-૯૮૨૫૦ ૪૪૫૦૨
ડૉ. આશુતોષ સિંહ +૯૧-૮૨૩૮૦ ૦૧૯૭૬

**વાસ્ક્યુલર અને એન્ડોવાસ્ક્યુલર સર્જન**

ડૉ. સૃજલ શાહ +૯૧-૯૧૩૭૭ ૮૮૦૮૮

**કાર્ડિયાક એન્સ્થેટીસ્ટ**

ડૉ. નિરેન ભાવસાર +૯૧-૯૮૭૯૫ ૭૧૯૧૭
ડૉ. હિરેન ધોળકિયા +૯૧-૯૫૮૬૩ ૭૫૮૧૮
ડૉ. ચિંતન શેઠ +૯૧-૯૧૭૩૨ ૦૪૪૫૪

**પીડિયાટ્રીક કાર્ડિયોલોજીસ્ટ**

ડૉ. કશ્યપ શેઠ +૯૧-૯૯૨૪૬ ૧૨૨૮૮
ડૉ. મિલન ચગ +૯૧-૯૮૨૪૦ ૨૨૧૦૭

**નીઓનેટોલોજીસ્ટ અને પીડિયાટ્રીક ઇન્ટેન્સીવીસ્ટ**

ડૉ. અમિત ચિતલીયા +૯૧-૯૦૯૯૯ ૮૭૪૦૦

**કાર્ડિયાક ઇલેક્ટ્રોફિઝિયોલોજીસ્ટ**

ડૉ. અજય નાઇક +૯૧-૯૮૨૫૦ ૮૨૬૬૬

## હાર્ટ ફેલ્યોર

### હાર્ટ ફેલ્યોર એટલે શું?

હૃદય ફેઇલ થાય તેનો અર્થ એ નથી કે આપણું હૃદય ધબકતું બંધ થઈ જાય. તેનો અર્થ ફક્ત એટલો થાય છે કે આપણા હૃદયે પંપ કરવું જોઈએ તેટલું લોહી તે પંપ નથી કરી શકતું. નબળા હૃદયની સારવાર ન કરવામાં આવે તો સ્થિતિ વધારે બગડે છે.




તંદુરસ્ત માનવ હૃદય : છેદ દૃશ્ય

### હૃદય ફેઈલ થવાથી શું થઈ શકે?

હૃદય ફેઇલ થવું તે એક ધીમી પ્રક્રિયા છે. હૃદય પૂરતી શક્તિથી લોહી પંપ નથી કરતું. પરિણામે, નસોમાં લોહી ભરાઈ જાય છે. શરીરમાં પ્રવાહી ભરાઈ જાય છે. શરીરમાં વધારે પ્રવાહી ભેગું થવાથી પગમાં અને તે પછી શરીરના બીજા ભાગોમાં સોજા ચડે છે.




હાર્ટ ફેલ્યોરથી પહોળું અને મોટું થયેલ હૃદય

### હૃદય ફેઈલ થયું હોય તેવો દર્દી શું અનુભવે છે?

એવા દર્દી આ લક્ષણો અનુભવે છે : ફેફસાંમાં પ્રવાહી જમા થવાથી શ્વાસ ચડે છે, જે શરૂઆતમાં શ્રમ કરવાથી અને પછી તો આરામની સ્થિતિમાં પણ વધતો જાય છે. તે ઉપરાંત, દર્દી બેઠો હોય ત્યારે તેને રાહત લાગે છે. સૂઈ જવાથી વધારે શ્વાસ ચડે છે. પ્રવાહી જમા થવાથી વજન વધી શકે છે. અમુક દર્દીઓ માનસિક ગૂંચવાડો અનુભવે છે.

પરિણામે, શરીરને પૂરતું લોહી, પોષણ અને ઑક્સિજન મળતાં નથી. દર્દીને શ્વાસ ચડેલો રહે છે, પરંતુ સદ્‌ભાગ્યે દવાઓ અને ખાસ પેસમેકરો ઘણાં મદદરૂપ બને છે.



www.indianheart.com

## હૃદય શા માટે ફેઈલ થાય છે?

હૃદયરોગના હુમલાથી હૃદયના સ્નાયુને નુકસાન પહોંચે છે. જન્મથી પણ હૃદયમાં ખામી હોઈ શકે. વાયરસ (Virus) ઇન્ફેક્શન, લોહીનું ઊંચું દબાણ, હૃદયના વાલ્વનો રોગ એ હૃદય ફેઇલ થવાનાં અન્ય કારણો છે.

## તેનો ઈલાજ?

મીઠું ઓછું ખાઈને, પ્રવાહી ઓછું પીને તથા હૃદયને મજબૂત બનાવતી અને શરીરમાંથી પ્રવાહીનો નિકાલ કરવામાં મદદ કરતી દવાઓ લઈને સ્થિતિ સુધારી શકાય છે. અમુક કિસ્સાઓમાં શસ્ત્રક્રિયા કરવાની પણ જરૂર પડી શકે.

## હૃદય ફેઈલ થયેલા દર્દીઓએ શું કરવું ફરજિયાત છે?

તમારા ડૉક્ટરની સલાહ માનો. તમારી દવાઓ જે રીતે લેવાની હોય તે રીતે જ લો. ઓછું મીઠું હોય તેવો પૌષ્ટિક આહાર લો. પ્રવાહીના ભરાવાને અંકુશમાં રાખવા દરરોજ તમારું વજન કરો. અદ્યતન પેસમેકર (CRT-Biventricular Pacing) અથવા એસ.વી.આર. નામની સર્જરીના ફાયદા વિશે આપના ડૉક્ટર પાસેથી વિગત મેળવવી જોઈએ




**હૃદય ફેઈલ થાય ત્યારે તેમાંથી જરૂર કરતા ઓછું લોહી પંપ થાય**

# એસ.વી.આર. - હૃદયની શિલ્પકલા

હાર્ટ ફેલ્યોર જેવી બીમારીઓમાં હૃદયનો આકાર આદર્શથી ખૂબ જ જુદો પડી જાય છે. આનાથી હૃદયની કાર્યક્ષમતા ઘટી જાય છે તેમજ બગડી પણ જાય છે. તેનો ઇલાજ કરતી આધુનિક શસ્ત્રક્રિયા છે એસ.વી.આર.

શિલ્પકાર જેમ માટી, પ્લાસ્ટર ઑફ પેરીસ અથવા બ્રોન્ઝમાંથી મૂર્તિઓ બનાવે છે તેમ આધુનિક હાર્ટ સર્જન હૃદયની નબળી થયેલી પેશીઓનો ઉપયોગ કરી હૃદયને પહેલા કરતા વધારે મજબૂત અને વધારે કાર્યક્ષમ બનાવે છે.

## એસ.વી.આર. સર્જરી

હૃદયની કોઈ પણ સમસ્યા (હાર્ટ ઍટેક, ઇન્ફેક્શન કે ક્યારેક પ્રસૂતિ)ને કારણે જ્યારે ડાબા ક્ષેપકની દીવાલ પાતળી થઈને ફુગ્ગા જેવી બની જાય છે ત્યારે શંકુ આકારનું હૃદય શંકુના બદલે ગોળાકાર બની જાય છે તેને 'ડાયલેટેડ હાર્ટ' કે પહોળું થઈ ગયેલું હૃદય કહેવાય છે. ડાયલેટેડ હાર્ટ માટે એસ.વી.આર. સર્જરી એકમાત્ર સફળ અને સચોટ ઉપાય છે. એસ.વી.આર. (સર્જિકલ વેન્ટ્રિક્યુલર રેસ્ટોરેશન) એટલે કે સર્જરીની મદદથી વેન્ટ્રિક્યુલર યાને ડાબા ક્ષેપકનું રેસ્ટોરેશન કરવું – તેને મૂળ સ્થિતિમાં લાવવું.

આપણું હૃદય નીચેથી સાંકડું અને ઉપરથી પહોળું યાને શંકુ આકારનું છે. માટે જ એ નીચેથી ઉપર તરફનું દબાણ આપી પમ્પિંગ કરી શકે છે. હવે નીચેનો ભાગ જો ઉપર જેટલો કે

**હાર્ટ ફેલ્યોરમાં પહોળા થયેલા હૃદયને ઑપરેશનથી સરખો આકાર આપવાના તબક્કા**



તેનાથી વધુ પહોળો થઈ જાય તો એ પકડ બનતી નથી અને હૃદય યોગ્ય રીતે પમ્પિંગ કરી શકતું નથી. એસ.વી.આર. સર્જરીમાં હૃદયના પહોળા થઈને ફુગ્ગા જેવા બની ગયેલા ભાગને મૂળ શંકુ આકારમાં લાવી દેવામાં આવે છે.

આ પ્રક્રિયા જણાય છે તેટલી સરળ અને સહજ નથી. એક નિષ્ણાત જ આ સર્જરી હાથ ધરી શકે અને તે પણ અતિ કુશળ અને ચોક્કસપણે હાથ ધરવી પડે છે. ડાબા ક્ષેપકને મૂળ આકારમાં લાવવા માટે પહેલાં હૃદયના માપનો એક પ્લાસ્ટિકનો ફુગ્ગો હૃદયની અંદર ઉતારી તેની ફરતે કાપો મૂકી યોગ્ય આકાર આપી પહોળી થઈ ગયેલી વધારાની દીવાલને કાપીને મૂળ શંકુ આકાર પ્રાપ્ત કરવામાં આવે છે. આવું થવાને કારણે હૃદય પહેલાંની માફક ધબકવા લાગે છે અને હૃદયની ક્ષમતા વધવાને કારણે માણસ પહેલાંની માફક સામાન્ય જીવન જીવી શકે છે. એ ઉલ્લેખનીય છે કે અમદાવાદમાં આ સર્જરી સફળતાપૂર્વક થાય છે.

## એસ.વી.આર.નો સફળતાનો આંક

અત્યાર સુધી હાથ ધરાયેલી સોએક જેટલી એસ.વી.આર. સર્જરીમાંથી ૯૦ ટકા કિસ્સાઓમાં સફળતા પ્રાપ્ત થઈ છે. નિષ્ણાત ડૉક્ટરોના હાથે કરવામાં આવતી આ સર્જરીમાં જે વ્યક્તિઓનું હૃદય ૨૦ ટકાથી ઓછું કામ કરી રહ્યું હોય તેવી વ્યક્તિઓમાં ૧૫ થી ૧૬ ટકા જેટલું મૃત્યુનું જોખમ છે. ૨૧ થી ૩૦ ટકા જેટલી ક્ષમતા ધરાવનારાઓમાં ૯ ટકા જેટલું જોખમ છે. ૩૧થી ૪૦ ટકા જેટલી ક્ષમતા ધરાવનારાઓમાં ૫ ટકા જેટલું અને ૪૦ ટકાથી વધુ ક્ષમતા ધરાવનારાઓમાં ૩ ટકા જેટલું નહીંવત્ જોખમ રહેલું છે.

## એસ.વી.આર. પછી

જે દર્દીઓને હાર્ટ ફેલ્યોરના કારણે થોડુંક પણ હરવા-



આ ફુગ્ગાના આકાર પ્રમાણે હૃદયના ક્ષેપકનો આકાર બનાવવામાં આવે છે.

ફરવામાં તકલીફ પડતી હોય એ જ દર્દી એસ.વી.આર. શસ્ત્રક્રિયા પછી સામાન્ય માણસની જેમ જિંદગી જીવી શકે છે.

## એસ.વી.આર.

એસ.વી.આર. હાર્ટ ફેલ્યોરની ઇલાજ પદ્ધતિઓમાંથી સૌથી આધુનિક પદ્ધતિઓમાંથી એક છે. દુનિયામાં તેમજ ભારતમાં ખૂબ ઓછા સર્જનો એસ.વી.આર.ની કળા જાણે છે. હવે અમદાવાદમાં પણ એસ.વી.આર.નું ઑપરેશન સફળ રીતે થાય છે, તે અમદાવાદનું ગૌરવ છે.

સીમ્સ કાર્ડિયાક સર્જન
ડૉ. ધીરેન શાહ, ડૉ. ધવલ નાયક અને ડૉ. દીપેશ શાહ

સૌજન્ય : 'હૃદયની વાત દિલથી' - લેખક : ડૉ. કેયૂર પરીખ

# સીમ્સ હેલ્થ ચેકઅપ




## શું તમે કોઇ દિવસ હેલ્થ ચેક-અપ કરાવેલ છે?



ના...? તો આજે જ સીમ્સ હોસ્પિટલમાં તમારા હેલ્થ ચેકઅપ માટે સંપર્ક કરો.



કારણ કે, તમારા સ્વાસ્થ્ય થી વધારે કિંમતી કંઇ નથી... તમારા અને તમારા પરિવાર માટે

## આપના માટે ખાસ હેલ્થ ચેકઅપ પ્રોગ્રામ

### જો નીચેનામાંથી કોઇપણ લક્ષણો હોય તો તમારે હેલ્થ ચેક-અપ કરાવવું જરૂરી છે.

- ૪૦ વર્ષથી વધારે ઉંમર
- મેદસ્વીતા – ભારેખમ શરીર
- તમાકુનું સેવન / ધુમ્રપાન અથવા દારૂનું વ્યસન
- તાણયુક્ત જીવન પદ્ધતિ
- ડાયાબીટીસ, હાઇ બ્લડ પ્રેશર અને હાર્ટ એટેક જેવી બીમારીનો વારસો હોય
- થોડો શ્રમ કરવાથી પણ થાકી જવાય
- વજન ઓછુ થવું / વજન વધવું
- લાંબા સમયથી અપચો/કબજિયાત હોય
- શરીરના કોઇ પણ ભાગમાં ગાંઠ હોય (સ્તન, પેટ, હાથ-પગ વગેરે)
- ખાંસીમાં, પેશાબમાં કે જાજરૂમાં લોહી પડતું હોય

### બેઝીક-૧
- યુરીન આર/એમ
- છાતીનો એક્સ-રે
- સીરમ ક્રીએટીનાઇન
- એસજીપીટી
- ઇસીજી
- એસ. કોલેસ્ટ્રોલ
- કન્સલટેશન અને બીજુ ઘણુ બધુ

### કીડ્સ (બાળકો માટે)
- સીબીસી
- યુરીન આર/એમ
- સ્ટુલ આર/એમ
- સીઆરપી
- છાતીનો એક્સ-રે
- કન્સલટેશન અને બીજુ ઘણુ બધુ

### બેઝીક કાર્ડિયાક
- લીપીડ પ્રોફાઇલ
- ઇકો/ટીએમટી
- એસજીપીટી
- સીબીસી
- સીરમ ક્રીએટીનીન
- કન્સલટેશન અને બીજુ ઘણુ બધુ

### વેલ વુમન (મહિલાઓ માટે)
- સીબીસી + ઇએસઆર
- યુરીન આર/એમ
- ફાસ્ટીંગ બ્લડ સુગર
- પેપ સ્મીયર
- છાતીનો એક્સ-રે
- મેમોગ્રાફી
- કન્સલટેશન અને બીજુ ઘણુ બધુ

### બેઝીક-૨
- લીપીડ પ્રોફાઇલ
- ઇકો/ટીએમટી
- ફાસ્ટીંગ બ્લડ સુગર
- છાતીનો એક્સ-રે
- સોનોગ્રાફી
- કન્સલટેશન અને બીજુ ઘણુ બધુ

### કાર્ડીયો ડાયાબિટીક
- ટીએમટી
- એસજીપીટી
- ફાસ્ટીંગ બ્લડ સુગર
- યુરીયા
- છાતીનો એક્સ-રે
- સોનોગ્રાફી
- કન્સલટેશન અને બીજુ ઘણુ બધુ

### કોમ્પ્રીહેન્સીવ
- ઇકો
- ટીએમટી
- છાતીનો એક્સ-રે
- લીવર પ્રોફાઇલ
- ઇસીજી
- રેન્ડમ બ્લડ સુગર
- કન્સલટેશન અને બીજુ ઘણુ બધુ

### એક્ઝિક્યુટિવ
- ઇકો
- ટીએમટી
- મેમોગ્રાફી
- કેરોટીડ ડોપ્લર
- સોનોગ્રાફી
- પેપ સ્મીયર
- કન્સલટેશન અને બીજુ ઘણુ બધુ

### એડવાન્સ્ડ
- ઇકો
- ટીએમટી
- મેમોગ્રાફી
- કેરોટીડ ડોપ્લર
- સોનોગ્રાફી
- પેપ સ્મીયર
- કન્સલટેશન અને બીજુ ઘણુ બધુ

### એડવાન્સ્ડ કાર્ડિયો
- સીટી કેલ્સિયમ સ્કોરીંગ
- ઇકો
- ટીએમટી
- મેમોગ્રાફી
- કેરોટીડ ડોપ્લર
- પેપ સ્મીયર
- કન્સલટેશન અને બીજુ ઘણુ બધુ

### એડવાન્સ્ડ પ્લસ-૧
- સીટી કેલ્સિયમ સ્કોરીંગ
- એન્ડોસ્કોપી (અપર જીઆઇ)
- ઇકો
- ટીએમટી
- મેમોગ્રાફી
- પેપ સ્મીયર
- કન્સલટેશન અને બીજુ ઘણુ બધુ

### એડવાન્સ્ડ પ્લસ-૨
- સીટી કેલ્સિયમ સ્કોરીંગ
- એન્ડોસ્કોપી (જીઆઇ + કોલોનોસ્કોપી)
- ઇકો
- ટીએમટી
- કેરોટીડ ડોપ્લર
- પેપ સ્મીયર
- કન્સલટેશન અને બીજુ ઘણુ બધુ

CIMS® Care Institute of Medical Sciences
At CIMS... We Care

સીમ્સ હોસ્પિટલ, શુકન મોલ નજીક, ઓફ સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦. ઇમેલ : info@cims.me વેબ: www.cims.me

**હેલ્થકેરની એપોઇન્ટમેન્ટ માટે ફોન : +૯૧-૭૯-૩૦૧૦ ૧૦૮૮**

# સીમ્સ ગેસ્ટ્રોએન્ટ્રોલોજી અને એન્ડોસ્કોપી

## ડૉ. યતિન પટેલ



કન્સલટન્ટ – ગેસ્ટ્રોએન્ટ્રોલોજીસ્ટ
એમએસ (એન્ડોસ્કોપીસ્ટ)
મોબાઇલ : +91-98250 63363
ઇમેલ : yatin.patel@cimshospital.org,
dryvp07@rediffmail.com

CIMS®
Care Institute of Medical Sciences
At CIMS... we care

- ડૉ. યતિન પટેલ, ગેસ્ટ્રોઅએન્ટ્રોલોજીસ્ટ અને એન્ડોસ્કોપીસ્ટ પોતાની સેવા હવેથી સીમ્સ હોસ્પિટલમાં ફુલ ટાઇમ આપશે.
- તેઓ ગેસ્ટ્રોસ્ટોમી, કોલોનોસ્કોપી અને ઇઆરસીપી પરીક્ષણનું નિદાન તેમજ ઉપચાર કરશે.
- તેઓ એન્ડોસ્કોપીમાં ગુજરાતમાં અગ્રણી છે. તેઓ જીસીઆઇઆઇ માં આઇવીટીસી ડિપાર્ટમેન્ટમાં ઇન્ચાર્જ છે. તેઓ એન્ડોસ્કોપીમાં નિદાન તથા સારવારનો બહોળો અનુભવ ધરાવે છે.

સીમ્સ હોસ્પિટલ, શુકન મોલ નજીક, ઓફ સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ–૩૮૦૦૬૦. એપોઇન્ટમેન્ટ માટે ફોન : +૯૧–૭૯–૩૦૧૦ ૧૨૦૦, ૩૦૧૦ ૧૦૦૮
મોબાઇલ : +૯૧–૯૮૨૫૦ ૬૬૬૬૧

સીમ્સ ક્લિનિક : પહેલો માળ, શાંત પ્રભા હાઇટ, વલ્લભ વાડી સામે, ભૈરવનાથ રોડ, મણીનગર, અમદાવાદ–૩૮૦૦૦૮.
એપોઇન્ટમેન્ટ માટે ફોન : +૯૧–૭૯–૨૫૪૪ ૦૩૮૧–૮૩ (૩ નંબર)

| સીમ્સ હોસ્પિટલ | |
|---|---|
| સોમવાર | બપોરે ૧.૦૦ થી સાંજે ૫ |
| મંગળવાર | સવારે ૯.૩૦ થી સાંજે ૫ |
| બુધવાર | સવારે ૯.૩૦ થી સાંજે ૫ |
| ગુરૂવાર | બપોરે ૧.૦૦ થી સાંજે ૫ |
| શુક્રવાર | સવારે ૯.૩૦ થી સાંજે ૫ |
| શનિવાર | સવારે ૯.૩૦ થી સાંજે ૫ |

| સીમ્સ ક્લિનિક, મણિનગર | |
|---|---|
| સોમવાર | સવારે ૧૦ થી બપોરે ૧ |
| ગુરૂવાર | સવારે ૧૦ થી બપોરે ૧ |

ડૉ. યતિન પટેલ સીમ્સ હોસ્પિટલ તથા સીમ્સ ક્લિનિક, મણિનગર પર આ સમય મુજબ પોતાની સેવા આપશે

# ગુજરાતમાં પ્રથમ વખત બાળકો માટે સમર્પિત નેફ્રોલોજી સેવાઓની ટીમ

CIMS Kids



જો તમારા બાળકમાં નીચેના લક્ષણો હોય તો તમારે બાળકોના કિડની વિશેષજ્ઞની સલાહ લેવી જરૂરી છે

- શું તમારૂ બાળક વારંવાર પેશાબના ઇન્ફેક્શનથી પીડાય છે ?
- શુ તમારૂ બાળક પેશાબ પર ઓછુ નિયત્રંણ રાખે છે ?
- શુ તમારા બાળકનો વિકાસ અટકેલો છે ?
- શું તમારા બાળકનો પેશાબ ઘાટ્ટા રંગનો થાય છે ?
- શું તમારૂ બાળક બ્લડ પ્રેશર (હાયપરટેન્શન)થી પીડાય છે ?
- શું તમારૂ બાળક કે તેના પિતરાઇને કિડનીની તકલીફ છે ?
- તમને ક્યારેય એવુ લાગ્યુ છે કે તમારા બાળકના ચેહરા પર કે આંખોની આસપાસ સોજો છે ?
- શું તમારા બાળકના પગ પર સોજા છે ?

CIMS®
Care Institute of Medical Sciences
At CIMS... we care



સીમ્સ હોસ્પિટલ, શુકન મોલ નજીક, ઓફ સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ–૩૮૦૦૬૦.
એપોઇન્ટમેન્ટ માટે સંપર્ક કરો :
+૯૧–૭૯–૩૦૧૦ ૧૨૦૦, ૩૦૧૦ ૧૦૦૮ (મો): +૯૧–૯૮૨૫૦ ૬૬૬૬૧
ઇમેલ : opd.rec@cimshospital.org

## પીડિયાટ્રીક નેફ્રોલોજીના વિશેષજ્ઞ



### ડૉ. નિલમ ઠાકર

પીડિયાટ્રીક નેફ્રોલોજીસ્ટ
MD(Ped), FIPNA
Fellowship : Pediatric Nephrology (AIIMS, Delhi)
Fellow : International Pediatric Nephrology Association
મોબાઇલ : +૯૧–૯૦૯૯૬ ૮૭૪૧૪
ઇમેલ : nilam.thaker@cimshospital.org



### ડૉ. અમિત ચિતલીયા

ડાયરેક્ટર, પીડિયાટ્રીક ક્રિટિકલ કેર
MB, D.Ped, FPCC (Charite Inst. of Neonatology-Berlin)
FPCC (DHZB-Berlin), FPCCC (NH-India)
Fellowship in Pediatric Flexible Bronchoscopy (ERS-France)
મોબાઇલ : +૯૧–૯૦૯૯૯ ૮૭૪૦૦
ઇમેલ : amit.chitaliya@cims.me



### ડૉ. તેજશ શાહ

કન્સલટન્ટ પીડિયાટ્રીક ઇન્ટેન્સીવીસ્ટ
MBBS, D.Paed, M.D. (Paed.)
Pediatric Intensive Care Medicine (UK),
Fellowship in Pediatric Bronchoscopy (USA)
મોબાઇલ : +૯૧–૯૦૯૯૩૧૩૨૨૨
ઇમેલ : tejas.shah@cimshospital.org

# એન્ડોવાસ્ક્યુલર પેરીફેરલ વર્કશૉપ

## જાન્યુઆરી ૩-૪, ૨૦૧૩






ડૉ. નિલેશ બલાર
MD, FACS
યુએસએ



ડૉ. રાજેશ દવે
MD, FACC, FSCAI
યુએસએ



ડૉ. અસિત જૈન
MD
યુએસએ



ડૉ. સમીર મહેતા
MD, FACC, MBA
યુએસએ

**સીમ્સ - ધી હાર્ટ કેર ક્લિનિક ટીમ દ્વારા છેલ્લા કેટલાક વર્ષોમાં મોટી સંખ્યામાં કેરોટીડ ઈન્ટરવેન્શન્સ સહિત અનેક એન્ડોવાસ્ક્યુલર કેસ કરવામાં આવ્યા છે.**

## નીચેના લક્ષણો ધરાવતા દર્દીઓ આ વર્કશોપમાં ભાગ લઇ શકશે

- કેરોટીડ આર્ટરી સ્ટેનોસીસ
- રેનલ આર્ટરી સ્ટેનોસીસ
- એક્યુટ લીમ્બ ઈસ્કેમિયા
- ક્રીટીકલ લીમ્બ ઈસ્કેમિયા
- વેરીકોઝ વેઈન્સ
- ડાયાલિસીસ એક્સેસ પ્રક્રિયાઓ
- પલ્મોનરી એમ્બોલીઝમ
- થોરાસીક આઉટલેટ સિન્ડ્રોમ
- યૂટેરીન ફાઈબ્રોઈડ્સ
- વાસ્ક્યુલર માલ્ફોર્મેશન્સ
- વીનસ ઈનસફીયીન્સી અને વીનસ અલ્સર
- ક્લોડિકેશન
- એઓરટોલિઆક ઓક્લુઝીવ ડિસીઝ
- ફીમોરોપોપ્લીટલ ડિસીઝ
- બ્રેકિયોસેફાલિક આર્ટીરીયલ ડિસીઝ
- વીનસ થ્રોમ્બોએમ્બોલિક ડિસીઝ
- થોરાસિક એબ્ડોમિનલ એરોટીક એન્યુરીઝમ
- મેસેન્ટેરીક ડિસીઝ
- કેથેટર આધારીત ઈન્ટરવેન્શન નિષ્ફળ હિમોડાયાલિસીસ એક્સેસ માટે
- ઈન્ફ્રાપોપ્લીટીલ પેરિફેરલ આર્ટીરીયલ ડિસીઝ
- ઈન્ટ્રાક્રેનિયલ આર્ટીરીયલ સ્ટેનોટીક ડિસીઝ
- વર્ટીબ્રલ આર્ટીરીયલ ડિસીઝ

**દર્દીઓને નીચેના માટે નિ:શુલ્ક સેવાઓ પૂરી પાડવામાં આવશે:**
**(૧) કન્સલ્ટેશન (૨) એબીઆઈ (૩) ડોપ્લર (આર્ટીરીયલ અથવા વેરીકોઝ વેઈન્સ - જો સૂચવવામાં આવે તો)**

**સંબંધિત દર્દીઓ માટે દૈનિક તપાસ***
**સીમ્સ હોસ્પિટલ ખાતે ચાલુ છે. સમય: બપોરે ૨ થી સાંજે ૬**

***તપાસ માટે એપોઇન્ટમેન્ટ લઇને આવવુ જરૂરી છે.**
**ફોન : +૯૧-૭૯-૩૦૧૦ ૧૦૦૮/૩૦૧૦ ૧૨૦૦**

**વધારે જાણકારી માટે પ્રથમ પેજ પર આપેલ સીમ્સ કાર્ડિયોલોજીસ્ટ અથવા વાસ્ક્યુલર સર્જનને ફોન કરો.**

Organized by
CIMS®
Care Institute of Medical Sciences
At CIMS... we care

**સીમ્સ હોસ્પિટલ, શુકન મોલ નજીક, ઓફ સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦.**

"Maru Hriday" Registered under RNI No. GUJGUJ/2009/28044
Permitted to post at PSO, Ahmedabad-380002 on the 22nd to 27th of every month under
Postal Registration No. GAMC-1731/2010-2012 issued by SSP Ahmedabad valid upto 31st December, 2012
Licence to Post Without Prepayment No. CPMG/GJ/101/2012 valid upto 31st December, 2012

**If undelivered Please Return to :**

CIMS Hospital, Nr. Shukan Mall,
Off Science City Road, Sola, Ahmedabad-380060.
Ph. : +91-79-2771 2771-75 (5 lines)
Fax: +91-79-2771 2770
Mobile : +91-98250 66664, 98250 66668

**'મારૂ હૃદય' નો અંક મેળવવા અંગે :** જો તમારે 'મારૂ હૃદય' નો અંક જોઇતો હોય તો તેની કિંમત ₹ ૬૦ (૧૨ અંક) છે. તેને મેળવવા માટે કેશ અથવા ચેક/ડીડી 'સીમ્સ હોસ્પિટલ પ્રા. લી.' ના નામનો તમારા નામ અને તમારા પુરતા એડ્રેસની વિગત સાથે અમારી ઓફિસ, "મારૂ હૃદય" ડિપાર્ટમેન્ટ, સીમ્સ હોસ્પિટલ, શુકન મોલ નજીક, ઓફ સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦ પર મોકલી આપશો. ફોન નં. : +૯૧-૭૯-૩૦૧૦ ૧૦૫૯/૧૦૬૦

## નિ:શુલ્ક સીપીઆર શીખો અને એક જિંદગી બચાવો
### (કાર્ડિયોપલ્મોનરી રેસસીટેશન / કાર્ડિયાક મસાજ)

CIMS®
Care Institute of Medical Sciences

- શું તમારી આજુ-બાજુ કોઇનું હૃદય એકાએક બંધ પડી ગયુ છે ?
- કોઇ બેહોશ થઇ ગયુ છે ?
- કોઇનો શ્વાસ રૂંધાઈ ગયો છે ?



**સીપીઆર એટલે હૃદયની ગતિ બંધ પડી હોય તેવા વ્યક્તિને આપવામાં આવતી તાત્કાલિક સારવાર પ્રક્રિયા કે જે કોઇપણ સામાન્ય વ્યક્તિ શીખી અને અપનાવી શકે છે.**

**સીમ્સ હોસ્પિટલ દર મહિનાના પહેલા રવિવારે ૨ કલાક માટે નિ:શુલ્ક સીપીઆર ના ક્લાસનું આયોજન કરે છે.**

**સમય : સવારે ૧૦ થી ૧૨**
**રજીસ્ટ્રેશન માટે સંપર્ક કરો**
**(મો) +૯૧-૯૦૯૯૦ ૬૬૫૨૭**

સીમ્સ હોસ્પિટલ, શુકન મોલ નજીક, ઓફ સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦. ઇમેલ : info@cims.me વેબ: www.cims.me

તંત્રી, મુદ્રક અને પ્રકાશક ડૉ. અનિશ ચંદારાણાએ ધ હાર્ટ કૅર ક્લિનિક વતી હરિઓમ પ્રિન્ટરી, ૧૫/૧, નાગોરી એસ્ટેટ,
ઇ.એસ.આઇ. ડિસ્પેન્સરીની સામે, દૂધેશ્વર રોડ, અમદાવાદ-૩૮૦૦૦૪ ખાતેથી છાપ્યું અને
સીમ્સ હોસ્પિટલ, શુકન મોલ નજીક, ઓફ સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦ ખાતેથી પ્રસિદ્ધ કર્યુ.